અપીલ અરજી નં.૭૦૫ તા.૨૩–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી રબારી અમ્રતભાઈ તથા ઘનશ્યામભાઈ
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–વરાછાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રબારી અમ્રતભાઈ તથા ઘનશ્યામભાઈની તા. ૧૪–૦૨–૧૨ની અરજીથી મોજે–સીમાડા બ્લોક નં. ૪૫૭(જય ભવાની સોસાયટી) બાબતે મુદ્દા નં.(૧) એસ.એમ.સી.ની નોટીસ લાગેલ છે હાલમાં તે નોટીસ લીગલ છે કે અલીગલ.... વિ.મુદ્દા નં. (૧)થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૩–૧૨ ની SMC/FAP/ નં.૭૦૫ /૨૦૧૧–૧૨

શ્રી રબારી અમ્રતભાઈ તથા ઘનશ્યામભાઈની તા. ૧૪–૦૨–૧૨ની અરજીથી મોજે–સીમાડા બ્લોક નં. ૪૫૭ (જય ભવાની સોસાયટી) બાબતે મુદ્દા નં. (૧) એસ.એમ.સી.ની નોટીસ હાલમાં તે નોટીસ લીગલ છે કે અલીગલ.... વિ. મુદ્દા નં. (૧)થી (૬)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૩–૩–૧૨ ના રોજ વિલંબીત અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા માહિતીની દફતરી વિગત સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૧૫ તા. ૨૯–૩–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે અને તે બાદ નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા સાથે સપ્તાહના વિલંબ માટે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ સેલ/આ.નં.૧૦૩૨ તા. ૧૮–૬–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. ઈઝેડ/ આરટીઆઈ/ ૧૦૩૨ તા. ૧૩–૩–૧૨ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અ ત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૪–૦૨–૧૨ની અરજીથી મોજે–સીમાડા બ્લોક નં. ૪૫૭ (જય ભવાની સોસાયટી) બાબતે મુદ્દા નં. (૧)થી (૬)ની માહિતી માંગતી અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં પ્રતિભાવ ન મળતાં તા. ૨૩–૩–૧૨ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૧૦૩૨ તા. ૧૩–૩–૧૨થી નિયત સમય અવધિમાં મુદ્દા નં. ૧ થી ૬ ની માહિતી આપવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં.(૧) એસ.એમ.સી.ની નોટીસ હાલમાં તે નોટીસ લીગલ છે કે અલીગલ....તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં " મોજે સીમાડા બ્લોક નં. ૪૫૭માં જયભવાની આવેલ નથી. તેમજ બ્લોક નં. ૪૫૭ માં વરાછાઝોન કચેરીથી કોઈ નોટીસ લગાડવામાં આવેલ નથી." તેવું જણાવેલ.
(૨) ઉપર મુજબની નોટીસ હોવા છતાં એ જે સ્થળ પર જય ભવાની સોસા. વિ–૧ તથા વિ–૨ નું બાંધકામ આર.સી.સી.નું માળવાળું બાંધકામ થઈ ગયેલ છે અને હાલમાં બાંધકામ ચાલુ પણ છે. તો કોની પરવાનગીથી થયેલ છે અને આ જમીન હાલમાં એગ્રીકલ્ચરમાં બાંધકામ થયેલ છે તો એસ.એમ.સી.ના ધ્યાન પર નથી આવતું કે પછી રૂપિયાના જોરથી અથવા રાજકરણના જદરથી બાંધકામ કરવાની પરવાનગી આપી દીધેલ છેતેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં " મોજે સીમાડામાં આવેલ જય ભવાની સોસાયટી વિ–૧ તથા વિ–૨ માં બાંધકામ કરવા માટે વરાછાઝોન કચેરીએથી કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી." તેવું જણાવેલ.
(૩) અને જો એગ્રીકલ્ચર ના હોય તો જો એન.એ.પાસ થયેલ હોય તો નોટીસ બોર્ડ લગાવેલ છે અથવા એન.એ. પાસ થયેલ હોય તો કયારે કઈ તારીખથી એન.એ. થયેલ છે. એન.એ. પાસ કયા અધિકારીશ્રીએ કરેલ છે અને કયા ખેડૂતે એન.એ.પાસ કરાવેલ છે. તારીખ અને નામ જોગ સાથેની વિગત આપવી અને કેટલા મકાનોને અનઅધિકૃત બાંધકામની નોટીસો આપેલી છે તેની તમામ ઝેરોક્ષ નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં " જમીનોને બિનખેતીની પરવાનગી આપવાથી કાર્યવાહી વરાછાઝોન કચેરીએથી કરવામાં આવતી ન હોય, બિનખેતી અંગેની માહિતી વરાછાઝોન કચેરીએથી આપી શકાય તેમ નથી." તેવું જણાવેલ.
(૪) જય ભવાની સોસા.વિ–૧ તથા વિ–૨ બંનેના મંજુર પ્લાન, એસ.એમ.સી.એ કરેલ મંજુર પ્લાન, સી.ઓ.પી. અને રોડ રસ્તા તથા ગટર લાઈન વિગેરેના વર્ણન સાથે અને મંજુર પ્લાનની ઝેરોક્ષ નકલ (૫) અને તેમાં કોર્મશીયલ બાંધકામની પરવાનગી છે

તો કાર્પેટ એરીયાનું માપ વિગત આપવી. મુદ્દા નં. ૪ અને ૫ ના  પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં " જય ભવાની સોસાયટીના બાંધકામ પ્લાનોને વરાછાઝોન કચેરીએથી મંજુરી આપવામાં આવેલ ન હોય, મંજુર પ્લાનની નકલ તેમજ કોર્મશીયલ બાંધકામની વિગતો આપી શકાય તેમ નથી." તેવું જણાવેલ.
(૬) બ્લોક નં. ૪૫૭ વાળી જગ્યાથી ટી.પી. રોડ નીકળતો છે કે અને નીકળે છે તો કયારે નીકળવાનો અને પહોળાઈમાં અને કયાથી કયા સુધીનો તેમાં અડચણરૂપ થતી કેટલી સોસા. આવે છે. તેમાં કેટલા ફુટ દબાણ થાય છે એ દબાણ કયારે હટાવવામાં આવશે. કેવી રીતે હટાવશો. તેની લેખીત માહિતી આપવી. માંગેલ માહિતી સંતોષકારક આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં " વરાછાઝોન કચેરીએ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા બ્લોક નં. ૪૫૭ વાળી જગ્યાથી પસાર થતા ટી.પી. રસ્તા અંગેની વિગતો ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી." તેવું જણાવેલ. જે અંગે અત્રેથી આરટીઆઈ સેલ/૨૧૧૫ તા. ૨૯–૩–૧૨થી બન્ને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેમાં અરજદાર પાસે અપીલ દરમ્યાન માહિતી મળે અને તે બાદ નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા સાથે સપ્તાહના વિલંબ માટે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું સ્પષ્ટ કરવા પત્ર પાઠવી તક આપવામાં આવેલ.  તેમ છતાં તેમ કરવામાં અરજદાર સફળ રહેલ નથી. આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ કરેલ ન હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ હોય તો આવી મુદ્દત પુરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાની ૩૦ દિવસની અંદર જાહેર માહિતી અધિકારીથી ઉપલીકક્ષાનો દરજજો ધરાવતા અપીલ અધિકારીને અપીલ કરવાની રહે છે. ત્યાર બાદ કરવામાં આવેલ અપીલ વિલંબીત અપીલ તરીકે ગણવામાં આવેલ છે. વિલંબીત અપીલ અરજી અંગે અરજદારે વિલંબીત અપીલ કરવા અંગે તેનું વાજબીપણું રજુ કરવાનું રહે અને તેવું વાજબીપણું રજુ કર્યેથી અપીલ ગ્રાહય રાખવી કે ન રાખવી તે અપીલ અધિકારીના નિર્ણય ઉપર આધારીત છે.  પ્રસ્તુત કિસ્સામાં અરજદાર અપીલનું વિલંબીતપણું રજુ કરવામાં સફળ રહેલ નથી. આથી વિલંબીત અપીલ પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિકતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખી ગુણદોષના આધારે નિકાલ કરવામાં આવે છે. અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પુરી પાડેલ હોય તેમજ અરજદાર તરફથી અપીલ તબક્કે માહિતી મળ્યેથી નારજગી વ્યકત કરવા જણાવેલ હોવા છતાં અરજદાર તરફથી તેવી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની પ્રથમ  અપીલ તા.૨૩–૩–૧૨ ધ્યાને લેતાં  ૨૧–૪–૧૨ સુધીમાં  અને વિલંબીત કારણ સહિત ૬–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ  પ્રથમ અપીલનો  નિકાલ કરવાનો રહે.  પરંતુ  અપીલ હેઠળના  અરજદારની  પ્રથમ અપીલ બાદ  અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન  ૧૯૩ જેટલી  પ્રથમ અપીલ અત્રેની કચેરીને  મળેલ છે.  જયારે આજ  સમયગાળા દરમ્યાન  બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને  મોકલવામાં આવેલ છે.  જયારે  આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો  નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં  અત્રેના સત્તા મંડળની  ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ.  તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા  તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને  લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૪–૦૨–૧૨ની  અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલી હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :    –૬–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–વરાછાઝોન...... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રબારી અમ્રતભાઈ તથા ઘનશ્યામભાઈ,